# ૪.૧૪ સ્યાદ્વાદ – જીવનદૃષ્ટિ

*યેન વિના ભોકસ્ય અપિ વ્યવહાર: સર્વથા ન નિર્વહતિ ।*
*તસ્મૈ ભુવનૈકગુરવૈ નમઃ અનેકાન્તવાદાય ॥*

જેના વિના આ જગતનો વ્યવહાર બિલકુલ ચાલી ન શકે એવા, ત્રણ લોકના એક માત્ર ગુરુ સમાન અનેકાન્તવાદને નમસ્કાર. જિનધર્મની આધારશિલા સ્યાદ્વાદ! જિનધર્મનો પ્રાણ સ્યાદ્વાદ! જિન ધર્મનું જગદ્ દર્શન સ્યાદ્વાદ! જિનધર્મના મર્મોનું ઉદ્‌ઘાટન સ્યાદ્વાદ! સ્યાદ્વાદ એટલે સાપેક્ષવાદ, અનેકાત્નવાદ, સમન્વયવાદ, સમાધિવાદ, સામ્યવાદ, વિશ્વમૈત્રીવાદ, સર્વોદયવાદ, સત્યવાદ. જગતના કોઈ પણ તત્ત્વનું જડને કે ચેતનનું. જે બહુરૂપી સ્વરૂપ છે તે સ્વરૂપને જુદા-જુદા દૃષ્ટિકોણથી જોવું અને તેનો સ્વીકાર કરવો. વસ્તુના સર્વ અનંત સ્વરૂપોનો સ્વીકાર કરવો એનું નામ સ્યાદ્વાદ.

*એકસ્મિન્ વસ્તુનિ સાપેક્ષ વિરુદ્ધ ।*
*નાનાધર્મ સ્વીકારા હિ સ્યાદ્વાદઃ ॥*

એક વસ્તુમાં અપેક્ષાપૂર્વક વિરુદ્ધ જુદા જુદા પ્રકારના ધર્મનો સ્વીકાર કરવો તે સ્યાદ્વાદ.

જૈનધર્મની વિશ્વને એક મોટી દેન છે. તેમાની એક દેન તે સ્યાદ્વાદ વિશ્વની કોઈપણ એવી ક્રિયા નથી. કોઈપણ એવો ભાવ નથી. કોઈ પણ એવો વ્યવહાર નથી. કોઈ પણ એવો ભાવ નથી. કોઈ પણ એવો ભાવ નથી. કોઈ પણ એવો વ્યવહાર નથી કે જ્યાં સ્યાદ્વાદ દૃષ્ટિની જરૂર ન હોય. સાપેક્ષવાદ, અનેકાન્તવાદ, વિભજ્યવાદ એ સ્યાદ્વાદના સૂચક શબ્દો છે. સ્યાદ્વાદ સર્વ સિંદ્ધાંતોમાં શિરોમણી છે. આવા અનુપમ સિદ્ધાંતની ભેટ જગતને શ્રી જિનેશ્વર દેવોએ આપી છે કે જેના આધારે સમગ્ર વિશ્વનું સંચાલન થઈ રહ્યું છે.

આપણે કોઈ એક બાબતમાં કેવળ આપણા જ વિચારની સત્વતા સ્વીકારતા હોઈએ તો સામા પક્ષના સત્યને દેખી શકતા નથી. પણ જો મનને સમન્વયશીલ કે મધ્યસ્થ બનાવીએ તો તરત જ સામાના વિચારમાં રહેલ સત્યનું પણ  દર્શન થાય છે. આવા સત્યદર્શનની તાલાવેલીમાંથી જ અનેકાંતવાદ વિકસે છે. સત્યદર્શન અને વિચારવિકાસ માટે અનેકાન્તવાદનો સર્વક્ષેત્રે સ્વીકાર કરવો જ જોઈએ. જૈન દર્શન જ એવું દર્શન છે કે જેણે પોતાના સમગ્ર દાર્શનિક વિચારોને અનેકાન્તવાદની ભૂમિકા ઉપર જ ગોઠવ્યા છે. આ અનેકાન્તની વિચારણાની પુષ્ટી અર્થે જ  સાત ભંગોની રચના કરી વસ્તુના ધર્મોનું પ્રતિપાદન કરવાની એક ખાસ પ્રણાલી જૈન દર્શનમાં અપનાવવામાં આવી છે અને તેમાં 'સ્યાત્' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આમ સ્યાત્ શબ્દના પ્રયોગોને કારણે અનેકાન્તવાખનું બીજું નામ સ્યાદ્વાદ પ્રસિદ્ધ થયું છે. સ્યાદ્વાદ પદમાં બે શબ્દ છે. સ્યાત્ અને વાદ. સ્યાત્ વાસ્તવમાં અવ્યય છે તેનો અર્થ કોઈ અપેક્ષાથી એવો થાય છે. વાદ શબ્દ એટલે સિદ્ધાંત પદ્ધતિનું નિરૂપણ કે પ્રતિપાદન કરવું.

અનેક છે અન્ત જેનો તે અનેકાન્ત અના એટલે વિચારોના છેડા એક પદાર્થને અનેક રીતે વિચારવાની જે શૈલી તે અનેકાન્ત શૈલી જૈન દર્શન એક જ વસ્તુમાં નિત્યત્વ અને અનિત્યત્વ એમ બે પરસ્પર વિરૂદ્ધ ધર્મોનો સ્વીકાર કરે છે. તેમ બીજા પણ સામાન્ય વિશેષ, ભેદ-અભેદ સત્વ-અસત્વ, એકત્વ-અનેકત્વ વગેરે અનેક વિરૂદ્ધ ધર્મોનો સ્વીકાર કરે છે. આની પાછળ એક દિવ્યદૃષ્ટિ એટલે સ્યાદ્વાદ એક જ વસ્તુમાં ભિન્ન-ભિન્ન દૃષ્ટિબિંદુઓથી સંગત થઈ શતા જુદા-જુદા વિરૂદ્ધ દેખાતા ધર્મોનો પ્રામાણિક સ્વીકારી શકાય છે. આ રીતે  એક જ પુરુષમાં પિતા-પુત્ર, કાકો-ભત્રીજો, મામો-ભાણેજ, સસરો-જમાઈ વગેરે પરસ્પર વિરૂદ્ધ લાગતા

વ્યવહાર ભિન્ન ભિન્ન સંબંધની ભિન્ન–ભિન્ન અપેક્ષાએ સંગત થતા હોઈને માનવામાં આવે છે. તેવી જ રીતે એક જ ઘટમાં નિત્યત્વ અને અનિત્યત્વ વગેરે વિરૂદ્ધરૂપે ભાસતા ધર્મો જુદી –જુદી અપેક્ષા દૃષ્ટિએ સંગત થતા હોઈને સ્વીકારી શકાય છે. આ રીતે ભિન્ન–ભિન્ન ધર્મોનો સમન્વય કરવો તે સ્યાદ્વાદ એક સ્રી તેના પિતાની અપેક્ષાએ પુત્રી છે. તેના ભાઈની અપેક્ષાએ બહેન છે. તેના પતિની અપેક્ષાએ પત્ની છે. તેના પુત્રની અપેક્ષાએ માતા છે. જેની સાથે તેના સારા સંબંધો છે તેની અપેક્ષાએ માયાળુ છે. જેની સાથે તેને અણબનાવ છે. તેની અપેક્ષાએ વઢકણી છે.

## દૃષ્ટાંત

એક વખત કોઈ છ આંધળી વ્યક્તિ હાથીને જોવા ગયા તેમાં જેના હાથમાં હાથીનો પગ આવ્યો તેણે કહ્યું હાથી થાંભલા જેવો છે. જેના હાથમાં કાન આવ્યો તેણે કહ્યું હાથી સુપડા જેવો છે. જેના હાથમાં સૂંઢ આવી તેણે કહ્યું કે હાથી સાંબેલા જેવો છે. જેના હાથમાં પેટ આવ્યું તેણે કહ્યું કે હાથી કામઠા જેવો છે. અને જેન હાથમાં પૂંછડી આવી તેણે કહ્યું કે હાથી દોરડા જેવો છે. આ રીતે તે બધા અંદર અંદર ઝઘડવા લાવ્યાં ત્યારે એક દેખતા માણસે તેઓને કહ્યું કે તમે બધા જ તમારી દૃષ્ટિએ સાચા છો, કારણ કે તમે દરેક હાથીના જે જે ભાગ ઉપર સ્પર્શ કર્યો તે તે ભાગ તમે કહો છો તેવો જ છે. પરંતુ જ્યાં સુધી બધા અંશોનો સ્પર્શ ન થાય ત્યાં સુધી હાથીની ખરી માહિતી ન મળે. આ રીતે દરેકના મનનું સમાધાન થયું જૈન. જૈન શાસ્રોએ આ દૃષ્ટાંત આપીને ફલિત કર્યું છે કે તમે જેની સાથે વૈચારિક મતભેદ +રાવો છો તે માણસનો વિચાર તેની અપેક્ષાએ સાચો પણ હોઈ શકે તમે તેના દૃષ્ટીકોણથી તેના વિચારને વિચારો. છ અંધ પુરૂષોએ કહેલા સુપ્રસિદ્ધ હસ્તિ દર્શનના દૃષ્ટાંતની જેમ કોઈ પણ પદાર્થનું સ્વરૂપ વિચારવાથી તે પદાર્થની સર્વ બાજુઓ સાચી રીતે સમજી શકાતી નથી. દરેક પદાર્થનું સંપૂર્ણ સ્વરૂપ – યથાર્થપણે જાણવું હોય તો તેને સાચ નયની અપેક્ષા દ્વારા અને સપ્તભંગો દ્વારા વિચારવું જોઈએ.

"સ્યાદ્વાદ પૂરણ જે જાણે, નયગર્ભિત જસ વાચા,
ગુણ પર્યાય દ્રવ્ય જો બુજે સોઈ જૈન હે સાચા."

સ્યાદ્વાદ એ જૈન પ્રવચનનો સાર છે. સમસ્ત દ્વાદશાંગી સ્યાદ્વાદને સમજાવવા માટે જ છે. સ્યાદ્વાદ વિના સમ્યક્ત્વ નથી. જૈન દર્શનના  સિદ્ધાંતનો મહેલ આ સ્યાદ્વાદના પાયા પર જ રચાયેલો છે. સ્યાદ્વાદન ધર્મનો પ્રાણ છે. જ્યાં સ્યાદ્વાદ નથી ત્યાં જૈન દર્શન નથી. રાજકીય સામાજીક, ધાર્મિક, વ્યવહારિક, શૈક્ષણિક, વગેરે નાના–મોટા સર્વ ક્ષેત્રમાં સ્યાદ્વાદની જરૂર છે. સ્યાદ્વાદ વિના કોઈ ક્ષેત્ર વિકાસ પામી શકતું જ નથી. સ્યાદ્વાદ એ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય વગેરે સ્વરૂપ કોઈ સિદ્ધાંત નથી. પરંતુ આત્મકલ્યાણના એક સિદ્ધાંતને જીવનમાં યોગ્ય રીતે અપનાવવાની એક રીતે છે. સ્યાદ્વાદ ચિત્તશાન્તિપ્રદ આત્મશૃદ્ધિકરણ સત્યને તારવી લઈને જીવનમાં અપનાવવાનું શીખવે છે. અનેક પરમર્ષિઓની માફક કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પણ ફરમાવે છે કે કોઈપણ દર્શનકાર આ સ્યાદ્વાનો પ્રતિક્ષેપ કરી શકે તેમ નથી. કલિકાલ સર્વજ્ઞનો આજીવન દુશ્મન બની ગયેલો દેવબોધિ બ્રાહ્મણ જ્યારે કેટલાક કારણોસર તેમનો મિત્ર બન્યો ત્યારે સ્યાદ્વાદ ધર્મના વખાણ કરતા તેણે હેમચંદ્રસૂરીશ્વરજીને જોઈને પ્રશસ્તિ કરી હતી કે, "જુઓ, આ હેમ–ગોવાળ આવ્યો, હાથે લાકડી (દાંડો) અને કંબલ (કામળી) ધારણ કરતા એણે છ દર્શનના

છ પશુઓને (ષટ્દર્શન) પોતાના અનેકાન્ત નામના વાડામાં આબાદ પૂરી લીધા છે.” દેવાધિદેવ પરમાત્મા મહાવીરે ઈન્દ્રભૂતિ ગૌતમ વગેરે બ્રાહ્મણોના મનની વેદ-પંક્તિઓ વચ્ચે આવતા વિરોધાભાસી શંકાનું કેવું અદ્ભૂત રીતે નિરાકરણ કર્યું? તેમણે વિરોધાભાસી મંતવ્યોને વ્યક્ત કરતા ‘વેદો જૂઠા છે તેમ તેને ત્યાગી દો એમ ન કહ્યું’ પરંતુ એ પંક્તિઓ વચ્ચે સમન્વય કરી આપ્યાં આ અગિયારે ગણધરો જન્મથી જ બ્રાહ્મણના સંસ્કાર લઈને આવ્યા છે છતાં પણ પ્રભુની આ શૈલીથી પ્રભાવિત થયા. તેમાં પણ અનેકાન્તવાદ જ છે ને!

## સ્યાદ્વાદની મૌલિકતા અથવા ભગવાન મહાવીરની અનેકાંત દષ્ટિ.

બધા મહાપુરૂષો સત્યશોધક અને સત્યગ્રાહ્ય હોવા છતાં સત્યની ખોજ અને તેને નિરૂપવાની પદ્ધતિ તે બધાની એકસરખી હોતી નથી. બુદ્ધની જે નિરૂપણ શૈલી તેનાથી ભગવાન મહાવીરની નિરૂપણશૈલી જુદી છે. તે સમયની વસ્તુસ્થિતિ જોતા ભગવાન મહાવીરે વિચાર્યું કે એવો માર્ગ કાઢવો જોઈએ કે જેનાથી બીજાનું દર્શન અપૂર્ણ અને આપણા પોતાથી વિરૂદ્ધ હોવા છતાં જો સત્ય હોય તો તેને ન્યાય મળવો જોઈએ. એ જ પ્રમાણે આપણું પોતાનું દર્શન અપૂર્ણ અને બીજાથી વિરૂદ્ધ હોવા છતાં જો સત્ય હોય તો તેને પણ ન્યાય મળવો જોઈએ. એ માર્ગ તે અનેકાન્તદષ્ટિ. અનેકાન્તદષ્ટિમાંથી નયવાદ અને સપ્તભંગીવાદ ફલિત થયા વિચારવાની. જેટલી પદ્ધતિઓ તે સમયમાં પ્રચલિત હતી. તેને નયવાદમાં સ્થાન મળ્યું. ને કોઈ એક જ વસ્તુની બાબતમાં પ્રચલિત વિરોધી કથનો અથવા વિચારોને સપ્તભંગીમાં સ્થાન મળ્યું. તીર્થંકરો દેશના આપવા આવે ત્યારે પ્રથમ આમ સંબોધન કરે. ‘અનંતી અવસર્પિણી-ઉત્સર્પિણી કાળમાં થયેલા તીર્થંકરોએ જે પ્રકાશ્યું તે જ હું પ્રકાશી રહેલો છું!’ આવી ઉદાર ભાવના તે જ સ્યાદ્વાદ. વીતરાગથી બીજું કોઈ શ્રેષ્ઠ દૈવંત નથી અને અનેકાન્તદષ્ટિથી બીજી કોઈ શ્રેષ્ઠ નીતિ નથી.

વીતરાગની આજ્ઞા પ્રમાણે જગતમાં સર્વ પદાર્થ ઉત્પાદ વ્યય અને ધ્રોવ્યયુક્ત છે. એટલે વિવિધ અવસ્થાઓની અપેક્ષાએ તે અનિત્ય છે. એટલે ઉપજે છે અને વિનાશ થાય છે. જેમ કે સોનાની કડી ત્યાગીને કડું કરાવ્ય. તેનાથી કંઠી નાશ પામીને કડું ઉત્પન્ન થયું. બન્ને અવસ્થામાં સોનું કાયમ છે. તે ઉત્પન્ન કે વિનષ્ટ થતું નથી. આ રીતે આત્મા મનુષ્યભવની અપેક્ષાએ ઉપજે છે. દેવ આદિ ભવોની અવસ્થાની અપેક્ષાએ નાશ પામે છે. અને મૂળ આત્મદ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. આ પ્રમાણે એક વસ્તુમાં પરસ્પર વિરૂદ્ધ ગણાતા નિત્ય-અનિત્ય ધર્મો સાપેક્ષપણે સત્ય છે.

સર્વજ્ઞ ભગવંતો ભલે જાણે બધું, પણ ધર્મદેશના પ્રસંગે જ્યારે જીવ-અજીવ વગેરે દ્રવ્યોનું તેમ જ દ્રવ્યોના ધર્મોનું પ્રતિપાદન કરે ત્યારે વિવક્ષિત સમયે એક દ્રવ્યનું તેમ જ તેના કોઈ પણ એક જ ધર્મનું પ્રતિપાદન થઈ શકે. પરંતુ સર્વ દ્રવ્યો તેમ જ તે દ્રવ્યોના સર્વ ધર્મો જાણવા છતાં યુગપત્ પ્રતિપાદન તો ન જ થઈ શકે. એ સર્વજ્ઞ ભગવંતોને જ્ઞાનમાં ભલે એક સાથે અનંત દ્રવ્યોના સામાન્ય ધર્મો અથવા વિશેષ ધર્મો પ્રાપ્ત થતા હોય છતાં કથનમાં તો એક જ ધર્મનું પ્રતિપાદન થાય છે. દેવાધિદેવ પ્રભુ મહાવીરે જગતને ઉપદેશ આપ્યો કે, “તમારા જીવનના આચાર-સંબંધિત ફલક પર તમે અહિંસક બનોને વિચાર સંબંધી ફલક પર તમે અનેકાન્તી બનો.” આધ્યાત્મિક જગતનું સર્વોત્કૃષ્ટ વાક્ય આ છે. ‘કદાચ તમે પણ સાચા હો!’

## અનેકાન્તદષ્ટિનો આધાર – સત્ય.

અનેકાંતદષ્ટિએ સત્યની પરબડી છે. બધા દર્શનો કરતા મહાવીર પ્રભુની સત્ય નિરૂપણ કરવાની શૈલી જુદી છે. મહાવીર પ્રભુની સત્ય પ્રકાશ કરવાની શૈલીનું નામ જ અનેકાન્તવાદ છે. તેના મૂળમાં બે તત્ત્વો છે. અને પૂર્ણતા અને બીજી યથાર્થતા જે પૂર્ણ હોઈને યથાર્થરૂપથી પ્રતીત થાય છે. તે જ સત્ય કહેવાય છે. ઉજાતગિરિના શિખરે પહોંચવાનો જગતને ઉપદેશ આપ્યો છે. આ સાપેક્ષવાદ વસ્તુને યથાર્થરૂપે જણાવનાર છ. સ્યાદ્વાદ શ્રુતરૂપી પ્રમાણ વડે જાણેલી વસ્તુનું જ્ઞાન એ જ અસંદિગ્ધ અને નિર્યાન્ત છે. જ્યાં સુધી સ્યાદ્વાદ શ્રુતનો આશ્રય ---- ન આવે ત્યાં સુધી જીવના વાસ્તવિક અજ્ઞાનનું નિવારણ થઈ શકતું નથી. એકેક ધર્મને જ ગ્રહણ કરીને ઉભા થયેલા દર્શનોની ત્રુટિઓ તેનાથી દૂર થાય છે, અને વસ્તુનું સર્વદેશીય જ્ઞાન અને સાચી ક્રિયામાં યથાર્થ ઉધમ થઈ શકે છે. સ્યાદ્વાદમય જિનદર્શનને સર્વદર્શનોની નદીઓના સંગમરૂપ સમુદ્રની ઉપમા આપવામાં આવી છે. તે તે અપેક્ષાને પ્રાધાન્ય આપીને તે તે દર્શનોએ વસ્તુની એકેક બાજુનું નિરૂપણ કર્યું જ્યારે જિનદર્શને વસ્તુનું સર્વગ્રાહી નિરૂપણ કર્યું.

## સ્યાદ્વાદ કેવો હોય?

જે સાચો સ્યાદ્વાદી હોય તે અવશ્ય સહિષ્ણુ હોય છે. તે પોતાના આંતરિક આત્મવિકારો પર વિજય પ્રાપ્ત કરે છે. તે બીજાના સિદ્ધાંતને પણ સન્માનની દૃષ્ટિએ જુએ છે અને મધ્યસ્થભાવે સંપૂર્ણ વિરોધોનો સમન્વય કરે છે. શ્રી સિદ્ધસેન દિવાકરે વેદ, સાંખ્ય, ન્યાય વૈશૈષ્ક અને બૌદ્ધ આદિ દર્શનો પર દ્વાત્રિંશિકાની રચના કરી છે. મહાપ્રખરજ્ઞાની શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ષડ્દર્શન સમુચ્ચમાં દર્શનોની નિષ્પક્ષ સમાલોચના કરી પોતાની કેવી ઉદારવૃત્તિ છે તેનો પરિચય કરાવ્યો છે. શ્રી મલ્લીવાદી, શ્રી યશોવિજયજી આદિ અનેક જૈન ગીતાર્થોએ વૈદિશ તેમ જ બૌદ્ધ ગ્રંથો પર ટીકાઓ, ટીપ્પણીઓ વગેરે લખી પોતાની ગુણગ્રાહિતાનો સમન્વયવૃત્તિનો અને હૃદયની વિશાળતાઓ સ્પષ્ટપણે પરિચય કરાવેલ છે. તેથી કહી શકાય કે સ્યાદ્વાદમાં હૃદયની વિશાળતા છે. ગુણગ્રાહિતા છે અને શીખવે છે. સ્યાદ્વાદીનો સર્વધર્મ સમન્વયવાદ કે સર્વધર્મતુલનાવાદ જુદો છે તે સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્યરૂપે ઓળખી, અસત્યનો પરિહાર અને સત્યનો સ્વીકાર કરવામાં રહેલો છે.

એક ચેતવણી એ છે કે વસ્તુની એક નહીં પણ અનેક બાજુઓ તપાસવી અને સંગત થઈ શકતી બાજુઓનો મેળ બેસાડવો એ અનેકાન્તવાદનો અર્થ છે. પણ જે બાબત ઘટતી ન હોય, અસંગત હોય તેવી બાબતને ઘટિત અથવા સંગત કરાવવી એતો બાળચેષ્ટા કહેવાય. એ રીતે અનેકાન્તવાદ (અન્ધાધુન્ધવાદ) બની જાય. જૈનોને જે અનેકાન્તવાદ મળ્યો છે તે તો આખા વિશ્વને એક કરી મુકે તેવો છે તો શું તે બધા જૈનોને પણ એક નહી કરે? સમસ્ત જૈન સમાજને સંગઠિત નહી કરે? આવો સ્યાદ્વાદ ધર્મ સમજ્યા પછી પણ બધા જૈન્ આચાર્ય ભગવંતો એક નહી થાય? જેને પોતાની વાતની હઠ રાખવા પોતાના જ સાચાપણાનો આગ્રહ નથી હોતો એવી જ વ્યક્તિ અનેકાન્ત મારફત ગાંઠોને સારી રીતે ઉકેલી શકે છે. આંખો પર આગ્રહનો પાટો બાંધેલ હોય ત્યાં સુધી વસ્તુ સ્વરૂપનું સાચું દર્શન થઈ શકતું નથી. અનેકાન્તવાદ વસ્તુ અથવા પદાર્થનો સ્વતંત્ર સત્તાનો ઉદ્‌ઘોષ કરે છે. વિચાર જગતમાં અહિંસાનું મૂર્તરૂપ અનેકાન્ત છે. જે અહિંસક હશે તે અનેકાન્ત હશે, અને જે અનેકાન્તી હશે તે અહિંસક હશે. જેણે સ્યાદ્વાદની રીતને પચાવી નથી તે આત્મા ગમે તેટલા જ્ઞાની હોય પણ તે વસ્તુતઃ જ્ઞાની ન કહેવાય, હા, જ્ઞાનવાદી કહી શકાય. જ્ઞાનસમૃદ્ધ તો ન જ હોય. જેણે જેણે શાસ્રધ્યાયન દ્વારા કે સ્વાનુભવ દ્વારા અથવાતો પૂર્વભવના સુસંસ્કારો

દ્વારા સ્યાદ્વાદની શૈલીને સ્વીકારી છે તેમણે જીવનને અદ્ભૂત રીતે ઉજાળ્યું જ છે. સુંદરમાં સુંદર ગુલાબ જોઈને પણ મનનો કંગાળ માણસ એની આસપાસ વળગેલા કાંટા જોઈને બોલી ઉઠે કે ગુલાબને ય કાંટા વળગ્યા છે! એના કરતા બીજું સત્ય એ છે કે કાંટા વચ્ચે ય ગુલાબ મરક મરક ખીલી ઉઠ્યું છે.

## સ્યાદ્વાદ એ સંશયવાદી નથી.

એક પ્રશ્ન થાય છે કે સ્યાદ્વાદ સર્વ દર્શનોને અમૂક અપેક્ષાએ સત્ય તરીકે અપનાવે છે તો સ્યાદ્વાદનું સ્વાતંત્ર્ય શું? એનું સમાધાન એ છે કે સર્વદર્શનોને સાપેક્ષદષ્ટિએ જોવાનું કાર્ય સ્યાદ્વાદ સિવાય વિશ્વમાં કાંઈ દર્શન કરતું નથી એટલે કે સ્યાદ્વાદનું આવું સમન્વયી દર્શન, સારગ્રાહિત્વ એ જ એનું સ્વાતંત્ર્ય છે સ્યાદ્વાદમાં ભળેલા સઘળા દર્શનોની ગૌરવગાથા 'યાવચ્ચન્દ્ર દિવાકરૌ' બને છે. પરંતુ સ્યાદ્વાદથી છૂટું પડેલું દર્શન ટૂંકા ગાળામાં નષ્ટ થઈ જાય છે. સ્યાદ્વાદનો શત્રુ છે પૂર્વગ્રહ, આગ્રહ કે કદાગ્રહ. પ્રત્યેક વસ્તુના સ્વરૂપ જ અનંત છે. તો અનંત સ્વરૂપ વસ્તુને એક જ સ્વરૂપ કહેવાનો આગ્રહ એ તો કદાગ્રહ કહેવાય. બૌધમતની ક્ષણિકતા, વેદાંતની એ અદ્વૈતવાદ કદાગ્રહગ્રસ્ત બન્યો છે. સ્યાદ્વાદને કોઈ પણ દર્શનના મૂળભૂત પદાર્થના ચિંતન સામે વિરોધ નથી પરંતુ તે ચિંતનમાં જો કદાગ્રહ સેવવામાં આવે તો તે કદાગ્રહની સામે મજબૂત વિરોધ છે. 'હું જ સાચો બીજા બધા ખોટા' એ કદાગ્રહ ભાવ તરફ સ્યાદ્વાદને ભારે અરૂચિ છે. જિનદર્શનનાં સ્યાદ્વાદ તો કહે છે કે બૌદ્ધમતના ઋજુસૂત્રનયનીદષ્ટિએ આત્મા બેશક શણિક છે. પરંતુ એકાંતક્ષણિક નથી, કેમ કે નૈગમનયની અપેક્ષાએ આત્મા નિત્ય પણ છે. સ્યાદ્વાદના સિદ્ધાંતમાં એક જ વસ્તુ નિત્ય પણ છે. અને અનિત્ય પણ છે. એટલે વસ્તુનું કોઈ ચોક્કસ સ્વરૂપ ન હોવાથી સ્યાદ્વાદ એ સંશયવાદ કહીને એક ભ્રાન્ત ધારણ ઉભી કરી છે. તેઓએ આ સિદ્ધાંત પ્રત્યે અન્યાય કરેલ છે. વસ્તુનઃ સ્યાદ્વાદ અને તેમાંથી નિપજનારૂ કલ્યાણરૂપ ફળ તે સામ્યવદ અર્થાત્ સમવાદ જેમાંથી વ્યાપક મૈત્રીભાવ ફલિત થઈ મનુષ્યભૂમિ કલ્યાણભૂમિ બની શકે છે.

## સ્યાદ્વાદની સિદ્ધિ

જૈનદર્શન સ્યાદ્વાદને સિદ્ધાંત તરીકે સ્વીકારે છે. સ્યાદ્વાદની પદ્ધતિ આપણને એકાંગી વિચાર કરતા અટકાવે છે. કદાગ્રહથી બચાવે છે. સત્યના જુદા-જુદા પાસાઓથી આપણે પરિચિત થઈએ છીએ. વસ્તુ સ્વરૂપના પર્યાય દર્શન માટે સ્યાદ્વાદ જ એક સંપૂર્ણ પદ્ધતિ છે. સ્યાદ્વાદ મત-મતાંતરના વિરોધો પ્રેમપૂર્વક દૂર કરે છે. વાસ્તવિક અવરોધ તે સ્પષ્ટ કરે છે અને નિરર્થક વૈમનસ્યથી મુક્ત કરે છે. સ્યાદ્વાદ દષ્ટિની વિશાળતા ને હૃદયની ઉદારતા લાવે છે. કર્મના અણુઓની નીચે ચગદાયેલો આત્મા જો પોતે સ્યાદ્વાદદષ્ટિને પચાવી લે તો ગમે તેવી ભીષણ આગ વચ્ચે પણ નંદા પર્વતની ગુલાબી ઠંડીને આશ્લેષતો રહે. સ્યાદ્વાદ ભૂલો કરતા અટકાવે છે તે વસ્તુની સઘળી બાજુનું દર્શન કરાવીને સ્વસ્થતા જગાડીને આપણને માર્ગસ્થ રાખે છે. ધર્મથી ઉભા થતા ઝઘડાઓને યુદ્ધોને સંહાર તથા ભોગોને સ્યાદ્વાદ નિવારે છે. પ્રત્યેકમાં રહેલ સુંદર તત્ત્વને બહાર લાવી પ્રત્યેકને મોટો બનાવે છે, છતાં બીજાને નાનો સિદ્ધ ન કરતા એના પણ શુદ્ધ તત્ત્વને પ્રગટ કરીને એટલો જ મોટો મોભો આપે છે. આમ, પરસ્પરના હાથ મિલાવીને સ્યાદ્વાદ ધર્મના બહાને થતાં યુદ્ધોને દૂર ઠેલે છે. તેથી વિશ્વશાંતિની ભાવનાને પણ સ્યાદ્વાદ જ મૂર્તસ્વરૂપ આપી શકે. સ્યાદ્વાદ આપણને ગુણદર્શન તરફ વાળે છે. અને ગુણદર્શન તરફ આપણી નજરને સ્થિર કરાવી દોષદર્શન દૂર કરાવે છે. આ સિદ્ધાંતથી મતભેદોથી થતા કોલાહલો શમે, રાગદ્વેષની પરિણતિ ઓછી થાય અને સહુ કોઈ પ્રેમની ગ્રંથિમાં અરસપરસ જોડાઈ રહે. જેથી દેશનું સંગઠન બળ વધે. ભૂતકાળમાં જેઓ સ્યાદ્વાદની આજ્ઞાને આધીન થયા છે તેઓ જ

મુક્તિ પામી શકાય છે. આગામીકાળે પણ જેઓ તેની આજ્ઞાને આધીન થશે તેઓ જ મુક્તિ પામી શકશે. ભગવાન જેવા ભગવાનને ઠપકો આપતા વાક્યો જેવા કે ઓલંભડે મત ખીજો, જુઠું બિરૂદ શું ધારે? વગેરેનું પણ જો સમાધાન શોધી શકાય, 'સમય સમય સો વાર સંભારૂ' વાક્યને ય અપેક્ષાથી સાચું કહી શકાય, 'કયું ન ભયે હમ મોર!' પંકતિમાં પશુ બનવાની વાત પણ યોગ્ય ગણાવી શકાય તો તે સાપેક્ષદ્દષ્ટિનો જ મહિમા છે. ને! જો આને યથાર્થ સ્વરૂપમાં સમજવામાં આવે અને સમુચિત પ્રકારે ઉપયોગમાં લેવામાં આવે તો એક પણ ખોટો ઝઘડો કે ખોટો સિદ્ધાંત ટકે નહિં અને સાચા સિદ્ધાંતોની પૃષ્ટિ થયા વિના રહે નહીં. વિશ્વના પ્રત્યેક ખોટા વાદોનો પરાભવ અને પ્રત્યેક સમ્યગ્વાદોનો સુંદર સુમેળ સ્યાદ્વાદ દ્વારા સહજતાથી થઈ શકે છે. આત્મા, સંસાર મોક્ષ, પુણ્ય-પાપ, પરલોક, સાધના-સિદ્ધિથી માંડીને વિશ્વના પ્રત્યેક નાના મોટા વ્યવહારો સ્યાદ્વાદ જ સુઘટિત થઈ શકે છે.

*સ્યાદ્વાદ વિશદાંકુશ્ વશીકૃતસ્ય*

હાથી ગમે તેટલું તોફાન કરતો હોય પણ મહાવત અંકુશનો જ્યાં ઉપયોગ કરે એટલે તોફાની હાથી કાબૂમાં આવી જાય એ જ પ્રમાણે અત્યંત વિશાળ શ્રુતરૂપી સમુદ્રને કાબૂમાં રાખનાર સ્યાદ્વાદરૂપી નિર્મળ અંકુશ છે. જૈન સિદ્ધાંતોની અન્ય સર્વકોઈ દર્શનના સિદ્ધાંતોથી જે મહત્તા છે તે આ સ્યાદ્વાદરૂપી વિશદ અંકુશને જ આભારી છે. પાપી પાલકે શ્રી ખંધકસૂરિશ્વરજીના પાંચસો શિષ્યોને નિયામણા કરાવવા પ્રસંગે ગુરૂદેવના સ્યાદ્વાદની સૌરભથી ભરપૂર વાક્યો કહ્યા હતા. સર્વે સાધુઓ પણ ગુરૂદેવના સ્યાદ્વાદ ગર્ભિત અક્ષરો શ્રવણ કરીને તેનું રહસ્ય વિચારતા જીવનમાં સ્યાદ્વાદના સિદ્ધાંતનો અમૂક અંશે પણ અમલ કરીએ તો જ આપણને પ્રાપ્ત થયેલ જૈનદર્શન સફળ થાય ને ઉત્તરોત્તર ઉન્નતિ સાધી શકીએ.

## અન્ય દર્શનોમાં દેખાતી અનેકાન્તદષ્ટિ

એવું નથી કે બીજી પરંપરાઓમાં અનેકાન્તદષ્ટિને સ્થાન નથી. મીમાંસક યાને કપિલ દર્શક-સાંખ્યદર્શન તથા ન્યાય દર્શનમાં પણ અમૂક અંશે અનેકાન્તવાદનું સ્થાન છે. બુદ્ધની સમન્વયદષ્ટિ નહોતી એમ નહી તેઓ પણ 'વિભજ્યવાદ'ના નામે અમૂક અંશે અનેકાન્તવાદી હતા. રામાનુજનો વિશિષ્ટદ્વૈત એ ઉપનિષદની ભૂમિકા પર ઉભો થયેલો અનેકાન્તવાદ છે. પુષ્ટિમાર્ગના પુરસ્કર્તા વલ્લભાચાર્યની સમગ્ર વિચારસરણી એ અનેકાન્તદષ્ટિને આપવામાં આવેલું નવીન વેદાંત સ્વરૂપ છે. વેદાન્તમાં અનિવર્ચની વાદમાં અને કુમારિલના સાપેક્ષવાદમાં અનેકાન્તદષ્ઠિનો સ્વીકાર થયો છે. બીજી પરંપરાઓમાં વિદ્વાનોએ અનેકાન્તદષ્ટિને માનવા છતાં એના પર સ્વતંત્ર આહિત્યની રચના નથી કરી. જ્યારે જૈન પરંપરાના વિદ્વાનોએ એના અંગરૂપ સ્યાદ્વાદ, નયવાદ આદિ વિષય પર વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે.

## સ્યાદ્વાદ અંગે વિદ્વાનોના અભિપ્રાયો.

ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ જે વર્ષો સુધી કાશી હિંદુ વિદ્યાપીઠના આચાર્ય હતા. તેમણે એક વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે સ્યાદ્વાદનો સિદ્ધાંત એકીકરણના દષ્ટિબિંદુને આપણી સમક્ષ રજુ કરે છે. પંડિત હંસરાજજીએ એક પુસ્તકમાં જણાવ્યું છે કે અનેકાન્તવાદ એ અનુભવસિદ્ધ, સ્વાભાવિક અને પરિપૂર્ણ સિદ્ધાંત છે. દેશવત્સલ ગાંધીજીએ સ્યાદ્વાદ સિદ્ધાંત શીખ્યો ત્યારે જ મુસલમાનોને મુસલમાનની દષ્ટિથી અને પારસીઓને પારસીની દષ્ટિથી જોતા શીખ્યા. શ્રી સમન્તભદ્રજી કહે છે કે,

jainuniversity.org

*અનેકાન્તો ડપ્યને કાન્તઃ પ્રમાણનય સાધનઃ ।*

*અનેકાન્તઃ પ્રમાણતે નદેકાન્તોડર્પિતાન્નયાત્ ॥*

અનેકાન્ત એ પણ એકાન્તે નથી એટલે કે તે અનેકાન્તે છે અને એકાન્ત પણ છે. બંને છે. પ્રમાણ ગોચર અનેકાન્ત છે. અને નયગોચર એકાન્ત છે. સ્યાદ્વાદ સકલાદેશ કહેવાય છે. કારણ કે તે એક ધર્મ દ્વારા આખી એક વસ્તુને 'સકલ' રૂપે ગ્રહણ કરે છે. જ્યારે નય વિકલાદેશ કહેવાય છે. કારણ કે તે વસ્તુને વિકલરૂપે કથન કરે છે. શ્રી સિદ્ધસેન દિવાકરના સન્મતિતર્કની ૬૯મી ગાથામાં જિનવચનને મિથ્યાદર્શનોના સમૂહરૂપ જણાવવામાં આવ્યું છે. મતલબ કે જેને મિથ્યાદર્શન કહેવામાં આવે છે. તે આંશીક જ્ઞાનમાં આંશીક સત્ય સમાયેલું છે. 'ષડ્દર્શન અંગ ભણીજ' એ આનંદઘનજીનો ઉદ્‌ઘાર પણ એ જ જણાવે છે.

## સ્યાદ્વાદ દષ્ટિનું ખંડન અને તેની વ્યાપક અસર

જ્યારે બીજા વિદ્વાનોએ અનેકાન્તદષ્ટિઓ તત્ત્વરૂપે સ્વીકાર કરવાને બદલે સાંપ્રદાયિકવાદરૂપે સ્વીકાર કર્યો ત્યારે તેના પર ચોતરફથી આક્ષેપોની ઝડીઓ વરસી. બાદરાયણ જેવા સૂત્રકારોએ એના ખંડન માટે સૂત્રો રચી દીધા. વસુબંધુ, દિડનાગ, ધર્મકીર્તિ અને શાંતરક્ષિત જેવા મોટા પ્રભાવશાળી બૌદ્ધ વિદ્વાનોએ પણ અનેકાન્તવાદની પૂરેપૂરી ખબર લઈ નાંખી. આ બાજુ જૈન વિચારક વિદ્વાનોએ પણ પૂરેપૂરો સામનો કર્યો. આ પ્રચંડ સંઘર્ષનું પરિણામ એ આવ્યું કે અનેકાન્તદષ્ટિનો તર્કબદ્ધ રીતે વિકાસ થયો. આ બાજુ ઉત્તર અને પશ્ચિમ ભારતમાં બીજા વિદ્વાનો સાથે શ્વેતામ્બર સંપ્રદાયના મહાન વિદ્વાનોનું ખંડન મંડન વિષયક જે યુદ્ધ થયું તેના પરિણામે અનેકાન્તવાદનો વિરોધ કરવાવાળા પણ જાણતા કે અજાણતા અનેકાન્તદષ્ટિને અપનાવવા લાગ્યા. આ રીતે એકવાદ રૂપે અહિંસાની જેમ કોઇને કોઈરૂપે, વિકૃત કે અર્ધવિકૃતરૂપે ભારતના દરેક ભાગમાં ફેલાયેલો છે.

સ્યાદ્વાદ આપણા કોઈ પણ જીવન વિકાસમાં બહુ ભારે મદદકર્તા બને છે. એના અસ્તિત્વ વિના જીવનની આંટીઘૂટીઓને ઉકેલી શકાતી નથી. એને ઉકેલનાર ગુણદષ્ટા સ્યાદ્વાદ છે. જગત સાથે જીવનનું તાલબદ્ધ ગાન ગાવાની કળા શીખવનાર આ સાપેક્ષવાદ છે. જીવનને મધુર બનાવનાર આ સર્વોપરિવાદ છે. જીવનનું મૂલ્યાંકન કરવા માટેની કુશાગ્રબુદ્ધિ આપનાર આ અનેકાન્તવાદ છે. મોક્ષમાર્ગ માટેનો પ્રાથમિક અત્યંત જરૂરી આ સમન્વયવાદ છે. વિચારની ઉચ્ચારની અને આત્માની શુદ્ધિઓ ઈચ્છતા આત્માઓએ સ્યાદ્વાદ સિદ્ધાંતરૂપ સુરંગગામાં નિમગ્ન રહેવું એ અતિ આવશ્યક છે.

વંદન હો તે વિશ્વ સમાધાનકારી, અનેકાન્તવાદને, પ્રણામ હો તેના પ્રકાશક વિશ્વવંદ્ય શ્રી મહાવીરદેવને પ્રભુ મહાવીરની વાણીનું સર્વસ્વ, ક્રીમનું પણ ક્રીમ સારનો પણ સાર અને તત્ત્વનું પણ તત્ત્વ એવું જો કોઈ દોહન હોય તો તે અનેકાન્તવાદ છે. સ્યાદ્વાદ સહુના જીવનનું અનિવાર્ય અંગ બને એ જ અભિલાષા.

# સ્યાદ્‌વાદ દૃષ્ટિ(સપ્તભંગી)

*એકસ્મિન્ વસ્તુનિ સાપેક્ષ વિરુદ્ધ: નાના ધર્મસ્વીકારા હિ સ્યાદ્વાદ: ।*

એક વસ્તુમાં અપેક્ષાપૂર્વક વિરુદ્ધ જુદા જુદા પ્રકારના ધર્મનો સ્વીકાર કરવો તે સ્યાદ્વાદ અનેકાન્તનું પ્રથમ સ્વરૂપ સપ્તનય છે તો બીજું સ્વરૂપ સપ્તભંગી છે જેને સ્યાદ્‌વાદ પણ કહે છે. 'સ્યાત'– 'કથંચિત્' શબ્દ અપેક્ષાવાચક છે. સપ્તનયમાં વસ્તુનું પોતાની અપેક્ષાથી સ્વરૂપ સમજવાની મુખ્યતા છે જ્યારે સપ્તભંગીમાં સ્વ–પર ઉભય અપેક્ષાથી સમજવામાં આવે છે.

દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની દૃષ્ટિથી અથવા વસ્તુના સ્વરૂપને સમજવા નામ–સ્થાપના–દ્રવ્ય–ભાવ આદિ ભેદોથી વિવરણ કરવું તે પણ અનેકાંતનો સૂચક છે. સ્યાદ્‌વાદના મૂલ બે ભાંગો છે.

(૧) સ્યાત્‌વાદ અસ્તિ – કથંચિત્ છે. – વિધેયાત્મક

(૨) સ્યાત્ નાસ્તિ – કથંચિત્ નથી – નિષેધાત્મક.

અર્થાત્ અપેક્ષાભેદથી 'અસ્તિ–નાસ્તિ' સ્વરૂપ બતાવવાળા છે જેમ કે જીવ કથંચિત્ શાશ્વત છે, કંથચિત્ અશાશ્વત છે. ક્ષેત્રની અપેક્ષાએ લોક અંત સહિત છે ત્યારે કાલની અપેક્ષાએ અંતરહિત છે આ બે ભંગ સિવાય ત્રીજો ભંગ 'અવકતવ્ય' છે. તે છે તો મૂળ ભંગ પણ તે 'અસ્તિ–નાસ્તિ' આ બે ભંગની અપેક્ષા રાખે છે જગતના પ્રત્યેક દ્રવ્યમાં બે પ્રકારની પર્યાયો થતી હોય છે. 'અસ્તિત્વ' અને 'નાસ્તિત્વ' . બન્ને સાથે મળે તો જ દ્રવ્યની સ્વતંત્રા સ્થાપિત થાય છે અને આ સાપેક્ષતાને સમજવાથી આપણે ભેદમાં અભેદની સ્થાપના કરી શકીએ છીએ. આ જગતમાં એવું પણ કોઈ દ્રવ્ય નથી જે સર્વથા સ્થાયી જ (ધ્રુવ) હોય. આ જગતમાં એવું પણ કોઈ દ્રવ્ય નથી જે સર્વથા પરિવર્તનશીલ જ હોય સ્યાદ્‌વાદની મર્યાદા અનુસાર સ્થાયિત્વ પણ છે અને પરિવર્તનશીલ પણ છે. પરિવર્તનરહિત કોઈ સ્થાયિત્વ નથી અને સ્થાયિત્વરહિત કોઈ પરિવર્તન નથી. સ્યાત્ અવકતવ્ય – આ ભંગ કહે છે કે અસ્તિ –અસ્તિત્વપણે પણ વસ્તુનું પૂર્ણરૂપથી વર્ણન કરી શકાતું નથી. વસ્તુની એક એવી પણ અવસ્થા હોય છે જેનુ વર્ણન કરવું અશક્ય છે. ઉદાહરણ રૂપે મુક્તાત્માના સ્વરૂપનું વર્ણન શબ્દોથી શક્ય નથી. આ ત્રણ ભંગમાંથી બીજા ચાર ભંગ ઉત્પન્ન થાય છે માટે તેને સપ્તભંગી કહી.

(૧) સ્યાત્ અસ્તિ – 'કથંચિત્ છે.' કોઈ પણ વસ્તુ સ્વદ્રવ્ય – સ્વક્ષેત્ર–સ્વકાળ, સ્વભાવની અપેક્ષાએ વિદ્યમાન છે – જેમ કે જીવનું જીવના સ્વરૂપમાં અસ્તિ છે.

(૨) સ્યાત્ નાસ્તિ – 'કથંચિત્ નથી.' પર દ્રવ્ય – ક્ષેત્ર – કાળ– ભાવની અપેક્ષાએ તે વસ્તુ નથી. જેમ કે જીવ દ્રવ્યમાં પોતાના ગુણધર્મો છે પણ અન્ય દ્રવ્યોના ગુણધર્મ નથી.

(૩) સ્યાત્ અસ્તિ–નાસ્તિ – 'કંથચિત્ છે અને નથી' એક જ સમયે એક જ વસ્તુમાં પોતાની દ્રવ્યાદિની અપેક્ષાએ 'અસ્તિત્વ' છે પણ પર દ્રવ્યાદિની અપેક્ષાથી 'નાસ્તિત્વ' છે. દા.ત. જીવ સ્વરૂપે ચેતનામય છે પણ તે જડ નથી.

(૪) સ્યાત્ અવક્તવ્યમ્ – 'કથંચિત્' કહી શકાતું નથી. જેમ કે જીવ ચેતના લક્ષણ યુક્ત છે. પણ રૂપી પુદ્ગલ નથી. આ વાત એકી સાથે કહી શકાતી નથી. કારણ કે જે સમયે અસ્તિત્વનું નિરૂપણ કરાય તે જ સમયે નાસ્તિત્વ કહી શકાતું નથી.

(૫) સ્યાત્ અસ્તિ અવક્તવ્યમ્ – 'કથંચિત્' છે પણ કહી શકાતું નથી. વસ્તુ પોતાના દ્રવ્યાદિથી અસ્તિરૂપ છે પણ તે જ સમયે અન્ય દ્રવ્યાદિની અપેક્ષાએ નાસ્તિરૂપ હોવા છતાં એકી સાથે તે કહી શકાતા નથી. જેમ કે આત્મા અનંત ધર્મોનો (ગુણોનો) ભંડાર છે. તે બધા ગુણોને બતાવવાવાળા ન તો શબ્દો છે કે ન તો બેકી સાથે કહેવાની શક્તિ છે. થોડીક કહી શકાય તો ઘણા રહી જાય. દા.ત. શુદ્ધ 'ઘી'ના સ્વાદનો અનુભવ તો થાય પરંતુ અનુભવને શબ્દો દ્વારા યથાર્થ રીતે કહી શકાય નહિ.

(૬) સ્યાત્ નાસ્તિ અવક્તવ્યમ્ – 'કથંચિત્' નથી અને કહી પણ શકાતી નથી. વસ્તુ પર દ્રવ્યાદિની અપેક્ષાથી નાસ્તિરૂપ છે. હવે તે સમયે તે વસ્તુમાં અન્ય ધર્મો હોવા છતાં કહી શકાતા નથી. જેમ કે જડની અપેક્ષાએ જીવની નાસ્તિ પણ પરિપૂર્ણ કહી શકાતો નથી.

(૭) સ્યાત્ આસ્તિ–નાસ્તિ અવક્તવ્યમ્ – 'કથંચિત્' છે, 'કથંચિત્ નથી' અને 'કથંચિત્ અવક્તવ્ય' છે. જેમ કે વસ્તુ સ્વ–દ્રવ્યાદિની અપેક્ષાએ છે, પર દ્રવ્યાની અપેક્ષાએ નથી અને તેમના ધર્મો એકી સાથે કહી શકાતા નથી.

સ્યાદ્વાદ જૈન દર્શનનો પ્રાણ છે. જો સ્યાદ્વાદ ન હો તો અંધાધૂંધી મચી જાત તે છે તો જગતનું અસ્તિત્વ છે. તેના વગર જગતનો વ્યવહાર ઠપ થઈ જાય. જૈન દર્શનની આધારશીલા સ્યાદ્વાદ છે. જૈન દર્શનનાં તાત્વિક રહસ્યો (જડ–ચેતનનાં અનંત સ્વરૂપો– ગુણો) સ્યાદ્વાદ શૈલીથી જ ઉકેલી શકાય.

સ્યાદ્વાદ એટલે સાપેક્ષવાદ, સમન્વયવાદ, સમાધિવાદ, સત્યવાદ, સામ્યવાદ, સર્વોદયવાદ, વિશ્વમૈત્રીવાદ...

ટૂંકમાં અનેક સ્વરૂપોથી યુક્ત જડ–ચેતન દ્રવ્યોનો જુદા જુદા દૃષ્ટિકોણથી જોઈને તે તે દૃષ્ટિથી સ્વીકાર કરવો અને કોઈપણ સ્વરૂપનો ઈન્કાર, ધિક્કાર કે તિરસ્કાર નહિ કરવો તે જ સ્યાદ્વાદનું કથન છે. એક જ દૃષ્ટિકોણથી એક સ્વરૂપ–ગુણધર્મને કહે તો તે 'કદાગ્રહ' કહેવાય. આ રીતે સ્યાદ્વાદ એટલે પૂર્ણ સાચું વચન–નિરૂપણ. વિવિધ અપેક્ષાઓથી વસ્તુને જોવાનો વિવેક અને પરસ્પર વિરોધ લગતી વાતોને એક લગભગ પૂર્ણ સત્યમાં સંભવિત કરવી તે સ્યાદ્વાદ છે અને એક દૃષ્ટિકોણને પ્રધાન રાખીને પ્રરૂપણ કરાય ત્યારે અન્ય અપેક્ષાઓ ગૌણ રહે પણ તેનો નિષેધ નહિ તે 'અનેકાંત' છે. જ્યાં એકાંત છે ત્યાં સત્ય હોતું નથી પણ જ્યાં અનેકાંત છે ત્યાંજ સત્યનું સ્થાન છે. અન્યત્ર નહિ.